આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૫-૦૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## મુખ્યમંત્રી-ભુપેન્દ્ર પટેલ-પ્રવેશોત્સવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષે યોજનારા ૨૧મા શાળા પ્રવેશોત્સવ દરમિયાન આંકડાકીય સિદ્ધિઓ કરતા બાળકના ભવિષ્ય માટે સારામાં સારું પ્રદાન કરવા પર વિશેષ ધ્યાન આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

પ્રવેશોત્સવમાં સહભાગી થનારા રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ તથા પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ માટેની માર્ગદર્શન બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

વધુ ને વધુ દીકરીઓ ઉચ્ચ અભ્યાસમાં જોડાય તે માટે 'નમો લક્ષ્મી' અને વિજ્ઞાન પ્રવાહમાં વધુ બાળકો આવે તે માટે 'નમો સરસ્વતી' યોજનાનો મહત્તમ લાભ છેવાડા સુધી પહોંચાડવા બેઠકમાં ઉપસ્થિત સૌને અપીલ કરી હતી.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ શરૂ થયેલી બાલવાટિકા યોજના અંતર્ગત રાજ્યભરના આશરે ૧૧ લાખ ૭૦ હજાર વધુ બાળકો પ્રવેશ લેશે. આ ઉપરાંત ૩ લાખથી વધુ બાળકો આ વર્ષે સીધાં પહેલા ધોરણમાં પ્રવેશ લેશે તેમ શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું હતું..

**(RNU અમદાવાદ)**

---

## "મન કી બાત"-અંગે સુચનો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને

સૂચનો આપવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો  એપિસોડ હશે . શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે પુન: ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે.

**(RNU અમદાવાદ)**

---

# કચ્છ જિલ્લા પ્રવેશોત્સવ

કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સંજય પરમાર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની વિગતો આપીને જણાવ્યું હતું કે,આ વર્ષના પ્રવેશોત્સવમાં બાલવાટિકાની સાથે હાઈસ્કૂલોને પણ આવરી લેવામાં આવી છે. કચ્છમાં ૯૮૭૬ કુમાર અને ૯૭૫૫ કન્યા સહિત કુલ ૧૯૬૩૧ બાળકોને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવશે. જ્યારે ધોરણ ૦૧માં ૮૬૧૭ વિદ્યાર્થીઓ અને ૮૩૩૧ વિદ્યાર્થિનીઓ સહિત કુલ બાળકોને ૧૬૯૪૮ પ્રવેશ આપવામાં આવશે. તેમજ હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. આમ ધોરણ ૦૯માં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૨૬૧૩ રહેશે. પ્રવેશોત્સવ – ૨૦૨૪માં કચ્છની કુલ ૧૯૭૨ શાળાઓ/હાઈસ્કૂલોને આવરી લેવામાં આવશે. જેમાં ૧૬૬૫ સરકારી શાળાઓ, ૧૧૯ સરકારી હાઈસ્કૂલ, ૨૧ નગરપાલિકા શાળાઓ, ૬૪ આરએમએસએ સ્કૂલ, ૦૬ મોડેલ સ્કૂલ અને ૯૭ ગ્રાન્ટેડ હાઈસ્કૂલનો સમાવેશ થાય છે.

**કચ્છ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન એક દિવસમાં કુલ 03 શાળાઓને આવરી લેવામાં આવે તે રીતે આયોજન કરવામાં આવ્યું છે.**

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------

## વરસાદ

રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચોમાસું સક્રિય બન્યું છે. હવામાન વિભાગે જાહેર કરેલી છેલ્લા ચાર દિવસની આગાહી અનુસાર 25થી 28 જૂનને કચ્છમાં છુટાછવાયા હળવા વરસાદની આગાહી કરી છે.

ગઈકાલે જિલ્લામાં રાપરને બાદ કરતા બાકીના નવે તાલુકામાં હળવાથી ભારે ઝાંપટાંથી બે ઈંચ જેટલો વરસાદ થયો હતો. જેમાં નખત્રાણા તાલુકામાં એક થી બે ઈંચ, મુંદરા પોણા બે, લખપત અડધોથી એક ઈંચ જયારે ભુજ- અંજારમાં અડધો ઈંચ અને માંડવી તેમજ અબડાસામાં વરસાદે ઝાપટારૂપે હાજરી નોંધાવી હતી. તો હાજીપીરમાં ભારે પવન સાથે વરસાદથી નુકસાન થયું હોવાના અહેવાલ છે.

**(આરતી ભટ્ટ/NP)**

---------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતે ભારે રસાકસી ભરી મેચમાં ઓસ્ટ્રેલિયાને 24 રને હરાવી ટી-20 વિશ્વકપ ક્રિકેટ જંગમાં સેમી ફાઈનલ સ્થાન મેળવી લીધું છે. ગઈકાલે સેન્ટ લુઇસ ખાતે સુપરએટના અંતિમ મુકાબલામાં ભારતે 5 વિકેટનાં ભોગે 205 રન કર્યં હતા. વિજય માટે જરૂરી 206 રનનાં લક્ષ્યાંક સામે ઓસ્ટ્રેલિયાની ટીમ 7 વિકેટ ગુમાવી 181 રન કરતા 24 રને પરાજય ખમવો પડ્યો હતો. ભારતનો 27 મીએ ઇંગ્લેન્ડ સામે સેમી ફાઇનલમાં મુકાબલો થશે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------